# 23

## ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગર કચેરીમાં નોંધ દાખલ કરવા બાબત

*15/4/2472 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના કેટલા આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધો દાખલ કરવામાં આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના ૧૧૮ આવાસોની નોંધ દાખલ કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધ દાખલ કરવાની બાકી છે, | (૨) | ઉક્ત સ્થિતિએ કુલ ૬૬ આવાસોની નોંધ દાખલ કરવાની બાકીમાં છે. |
| (૩) | ઉક્ત બાકી આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધ દાખલ ન કરવાના કારણો શા છે, અને | (૩) | સીટી સર્વે કચેરીઓમાં ઓનલાઇન નોંધ દાખલ કરવા માટેની CSIS (City Survey Information System) માં ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની મિલકતના પ્રોપર્ટીકાર્ડમાં હુકમ સિવાયની અન્ય તબદીલી (વેચાણ, વારસાઇ, હક્કકમી, વીલ, વિગેરે) અંગેની નોંધો દાખલ થઇ શકતી ન હોવાના કારણે હુકમ સિવાયની અન્ય તબદીલી અંગેની નોંધ દાખલ કરવાની બાકીમાં રહેલ હતી. |
| (૪) | બાકી નોંધો ક્યા સુધીમાં દાખલ કરવામાં આવશે ? | (૪) | ઉક્ત ૬૬ આવાસોની નોંધ ટેકનિકલ કારણોસર બાકી હતી જે આજની સ્થિતિએ દાખલ થઇ ગયેલ હોઇ હવે કોઇ નોંધ દાખલ કરવાની બાકીમાં નથી. |

----------